

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 45,(SURAT), DATE-29/04/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૪૫, (સુરત), તા.૨૯/૦૪/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 રાજકોટ કોર્પોરેશનમાં ભાજપને જંગી બહુમતી, અમદાવાદની ૩ નગરપાલિકામાં પણ કમળ ખીલ્યું

3 ભુજમાં ઓવૈસીની એન્ટ્રી! ખેડામાં અખિલેશ યાદવની સાઈકલ દોડી:

4 ગુજરાત કેસરિયા રંગે રંગાયું:ભાજપની તમામ ૧૫ મનપા, ૩૪ માંથી ૩૩ જિ.પં, ૭૮ ન.પા. અને ૨૫૩ તા. પં. પર જીત


### સુરત બનશે મિની વાઈબ્રન્ટનું સાક્ષી

# ૧ લી મે થી મુખ્યમંત્રીની હાજરીમાં ઓરો યુનિ. ખાતે વાઈબ્રન્ટ રીજનલ કોન્ફરન્સમાં કરોડોના MOU થશે, પોલીસ જવાનોના દિલધડક સ્ટંટ

સુરત-આગામી ૧ લી મેના રોજ ગુજરાત સ્થાપના દિવસની સુરતમાં ભવ્ય ઉજવણી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ઓરો યુનિવર્સિટી ખાતે વાયબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ યોજાશે. આ અવસરે પોલીસ પરેડ અને વાય જંકશન પર જવાનોના રોમાંચક બાઈક સ્ટંટ આકર્ષણનું કેન્દ્ર બનશે, જે સુરતની ધરતી પર વિકાસ અને શૌર્યનો અનોખો સંગમ રજૂ કરશે.



આગામી તા. ૧ અને તા. ૨ જી મે ૨૦૨૬ ના રોજ સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવાના હેતુથી યોજાનારી આ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત રાજયના ઉચ્ચ અધિકારીઓ અને નામાંકિત ઉદ્યોગકારો ઉપસ્થિત રહેશે. આ ૨ દિવસીય કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં મોટા પાયે એમ.ઓ. યુ. કરવામાં આવશે, જે આગામી સમયમાં રોજગારી અને આર્થિક વૃદ્ધિના નવા દ્વાર ખોલશે. સુરત જેવા વિકસિત શહેર માટે આ કોન્ફરન્સ ઉદ્યોગોના વૈશ્વિકીકરણમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ મંચ પરથી દક્ષિણ ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરનું પ્લેટફોર્મ પૂરું પાડવાનો સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

આ વાયબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ માત્ર રોકાણો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં ટેક્નોલોજી અને નવા સંશોધનો પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. કાર્યક્રમ દરમિયાન ડાયમંડ, ટેક્ષટાઈલ, ફિશરીશ, ગ્રીન એનર્જી જેવા પરંપરાગત અને આધુનિક ઉદ્યોગો પર વિશેષ સેમિનારો યોજાશે. આ ઉપરાંત, 'નારીશક્તિ વંદન', 'હોલિસ્ટીક ફાર્મિંગ', 'ઈકોટુરિઝમ' અને 'ગ્રીન હાઈડ્રોજન પોલીસી' જેવા વર્તમાન સમયના પ્રસ્તુત વિષયો પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારો દ્વારા સ્થાનિક ઉદ્યોગ સાહસિકોને નવી સરકારી નીતિઓ અને ૨૦૨૬ના વૈશ્વિક પ્રવાહો વિશે જાણકારી મળશે, જે તેમને સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવા અને આગળ વધવા માટે સક્ષમ બનાવશે. ઔદ્યોગિક વિકાસની સાથે સામાજિક અને પર્યાવરણીય સંતુલન જાળવવા પર પણ આ કાર્યક્રમમાં ભાર મૂકવામાં આવ્યો છે.

દક્ષિણ ગુજરાતના અર્થતંત્રને વેગ આપવા માટે VGRC એક મહત્વપૂર્ણ મંચ સાબિત થશે. ખાસ કરીને ટેક્ષટાઈલ અને ડાયમંડ ક્ષેત્રમાં નવી ટેક્નોલોજીના પ્રવેશથી ઉત્પાદન ક્ષમતા વધશે. સરકારના આ મહત્ત્વાકાંક્ષી પ્રયાસથી વૈશ્વિક ખરીદદારો અને સ્થાનિક ઉત્પાદકો વચ્ચે સીધું જોડાણ સ્થાપિત થશે. આ કોન્ફરન્સને કારણે સુરત સહિત નવસારી, વલસાડ અને તાપી જિલ્લાના ઉદ્યોગોને પણ મોટો ફાયદો થવાની અપેક્ષા છે. નવી ટેક્નોલોજી અને ઇનોવેશનના આદાન-પ્રદાનથી ઉદ્યોગોની કાર્યક્ષમતામાં વધારો થશે.

# ગોપાલ ઇટાલિયાના ગઢમાં કોંગ્રેસ સાફ! ૧૮માંથી ૧૧ બેઠકો જીતીને તાલુકા પંચાયત કબજે કરી




ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જૂનાગઢ જિલ્લાની વિસાવદર તાલુકા પંચાયતના પરિણામોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલિયાનો ગઢ ગણાતા વિસાવદરમાં ફરી એકવાર 'ઝાડુ' ફરી વળ્યું છે. તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો પર રસાકસીભર્યો જંગ ખેલાયો હતો, જેમાં આમ આદમી પાર્ટીએ ૧૧ બેઠકો જીતી છે.

૮ બેઠકોમાંથી ૧૧ પર જીત મેળવી 'આપ' બની વિજેતા

વિસાવદર તાલુકા પંચાયતના આંકડાકીય પરિણામો પર નજર કરીએ તો, કુલ ૧૮ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીએ ૧૧ બેઠકો પર જીત મેળવીને શાનદાર પ્રદર્શન કર્યુંછે. તેની સામે સત્તાધારી ભાજપ માત્ર ૦૬ બેઠકો પર જ અટકી ગઈ હતી, જયારે ૦૧ બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. મહત્ત્વની વાત એ છે કે, એક સમયે મજબૂત ગણાતી કોંગ્રેસનું અહીં ખાતું પણ ખુલ્યું નથી.

**વિસાવદર તાલુકા પંચાયતના આંકડાકીય પરિણામો પર નજર કરીએ તો, કુલ ૧૮ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીએ ૧૧ બેઠકો પર જીત મેળવીને શાનદાર પ્રદર્શન કર્યું છે. તેની સામે સત્તાધારી ભાજપ માત્ર ૦૬ બેઠકો પર જ અટકી ગઈ હતી,**

# સુરત મનપામાં આપ-કોંગ્રેસના સૂપડાં સાફ, ૧૨૦ માંથી ૧૧૫ બેઠક ભાજપને

ગુજરાતના રાજકારણમાં શહેરી વિસ્તારો હંમેશા ભાજપનો મજબૂત ગઢ રહ્યા છે, અને આ વખતે સુરત મહાનગરપાલિકાના પરિણામોએ સાબિત કરી દીધું છે કે આ ગઢ વધુ અભેદ્ય બન્યો છે. છેલ્લા ત્રણ દાયકાથી સુરત પર શાસન કરી રહેલી ભારતીય જનતા પાર્ટીને સુરતીઓએ આગામી પાંચ વર્ષ માટે ફરી સત્તાની ચાવી સોંપી છે. સ્થાનિક ચૂંટણીમાં મનાઈ રહ્યું હતું કે સુરતમાં આમ આદમી પાર્ટી ભાજપને ટક્કર આપી રહી છે પરંતુ પરિણામ આવતા અઅડના ગાજયાં ઢોલ વાગ્યા નહીં, અને ગત ચૂંટણી કરતાં પણ નબળું પ્રદર્શન સામે આવ્યું છે.






**ભાજપની પ્રચંડ જીત અને વિપક્ષની પડતી**

સુરત મહાનગરપાલિકાની કુલ ૧૨૦ બેઠકો માટે થયેલા સરેરાશ ૫૯.૨૧% મતદાન બાદ જે પરિણામો આવ્યા છે તે ચોંકાવનારા છે. ભાજપે ૧૨૦માંથી રેકોર્ડબ્રેક ૧૧૫ બેઠકો પર વિજય મેળવ્યો. જયારે ૨૦૨૧માં ૨૭ બેઠકો જીતનાર આમ આદમી પાર્ટી આ વખતે માત્ર ૪ બેઠકો પર સમેટાઈ ગઈ છે. ગત ચૂંટણીમાં શૂન્ય પર રહેલી કોંગ્રેસ આ વખતે માત્ર નામ પૂરતી ૧ બેઠક મેળવી શકી છે. આ ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર વોર્ડ નંબર ૪ અને વોર્ડ નંબર ૧૬માં જોવા મળ્યો છે.

**મનોજ સોરઠીયાની હાર**

'આપ' ના પ્રદેશ મહામંત્રી અને સંગઠનના પાયાના નેતા ગણાતા મનોજ સોરઠીયાને વોર્ડ નંબર ૪ માં હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપની આખી પેનલ (હેતલ પરમાર, હંસા ગજેરા, અરવિંદ કાકડીયા અને મહેશ કાકડીયા) એ અહીં ભવ્ય વિજય મેળવ્યો છે.

**પાયલ સાકરીયાની હાર**

સુરત મનપાના વિરોધ પક્ષના નેતા પાયલ સાકરીયાની વોર્ડ નંબર ૧૬ માં હાર થઈ છે. અહીં ભાજપે 'આપ' પાસેથી સીટો છીનવીને આખી પેનલ જીતી લીધી છે. પોતાની હાર સ્વીકારતા પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, 'અમારી મહેનતમાં કચાસ રહેતા હાર થઈ છે, આગામી પાંચ વર્ષ ફરી મહેનત કરીશું.'

**વોર્ડ નંબર ૩ માં કાવ્યા કથીરિયાની એન્ટ્રી**

એકતરફ 'આપ' ના દિગ્ગજો હાર્યા છે, ત્યારે વોર્ડ નંબર ૩ માં ભાજપનો દબદબો જોવા મળ્યો છે. અહીં અલ્પેશ કથીરિયાના પત્ની કાવ્યા કથીરિયાએ પ્રચંડ જનસમર્થન સાથે ભવ્ય વિજય મેળવ્યો છે. વોર્ડ નંબર ૩ માં ભાજપની આખી પેનલ વિજેતા જાહેર થતા જ કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

**સુરત મનપા વિપક્ષ વિહોણી રહેશે**

સુરતમાં ૧૯૯૫ બાદ પ્રથમ વખત વિપક્ષ નેતાનું પદ ખાલી રહેશે. સુરત પાલિકાની ૧૨૦ બેઠકમાંથી ભાજપને ફાળે ૧૧૫ આપ ને ૪ અને કોંગ્રેસને ૧ બેઠક મળી છે. પાલિકામાં સત્તાવાર રીતે વિપક્ષને સ્થાન મળે તે માટે સાત બેઠક જરુરી છે પરંતુ બે પક્ષ મળીને પણ સાત બેઠક થઈ શકે તેમ નથી. તેથી પાલિકા કચેરી ૧૯૯૫ પછી ફરી એક વાર વિપક્ષી કેબિન વિનાની જોવા મળશે એટલું જ નહી પરંતુ વિપક્ષી નેતા ન હોવાથી વિપક્ષને ગાડી કે ફોન પણ મળી શકશે નહીં.

સુરતના પરિણામો સ્પષ્ટ કરે છે કે ૨૦૨૧ માં જે 'આપ' એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી હતી, તેને ભાજપે સંગઠન અને વ્યૂહરચનાથી પછાડી દીધી છે. ભાજપે ૧૧૫ બેઠકો કબજે કરીને સુરતને પોતાનું અજેય કેન્દ્ર સાબિત કરી દીધું છે.






# કામરેજથી ૨૦ વર્ષીય યુવતી ગુમ: પરિવારને જાણ કર્યા વિના ઘરેથી નીકળી, પોલીસ તપાસ શરૂ

બારડોલી- કામરેજમાં રહેતી ૨૦વર્ષીય યુવતી ઘરેથી ગુમ થઈ ગઈ છે. પરિવારજનોને જાણ કર્યા વિના નીકળી ગયેલી યુવતીની શોધખોળ બાદ કામરેજ પોલીસ મથકે ગુમ થયાની જાણવા જોગ ફરિયાદ નોંધાવવામાં આવી છે.




પ્રાપ્ત માહિતી અનુસાર, કામરેજના બાપા સિતારામ ચોક સ્થિત સરદાર રેસીડેન્સી, ઘર નંબર-૫૫માં રહેતી રંજનાબેન વિરજીભાઈ ભીલ (ઉંમર ૨૦વર્ષ) ગત રોજ પોતાના ઘરેથી નીકળી ગઈ હતી.

રંજનાબેન ઘરમાં કોઈને પણ જાણ કર્યા વિના નીકળી ગઈ હતી. સમય વીતવા છતાં તે ઘરે પરત ન ફરતા ચિંતિત પરિવારે તેની સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ યુવતીનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

આખરે, પરિવારે સમગ્ર ઘટનાની જાણ કામરેજ પોલીસ મથકે કરી હતી. પોલીસે પરિવારની ફરિયાદના આધારે ગુમની જાણવા જોગ ફરિયાદ દાખલ કરીને રંજનાબેનની શોધખોળ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.




ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ગોડલ અને ગણદેવીમાં ભાજપની ક્લિન સ્વિપ, ધોળકા અને વિરમગામમાં કમળ ખીલ્યું

દક્ષિણ ગુજરાતની ગણદેવી નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ વિપક્ષોના સૂપડા સાફ કરીને ભવ્ય જીત હાંસલ કરી છે. ભાજપે પાલિકાની તમામ ૨૪ બેઠકો પર કબજો મેળવીને વિરોધ પક્ષને સદંતર પછાડ્યો છે. નોંધનીય છે કે, ૨૪માંથી ૨૨ બેઠકો પર તો ચૂંટણી પહેલા જ ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા, જે એક રેકોર્ડ સમાન છે. બાકી રહેલી બે બેઠકો માટે થયેલા મતદાનમાં પણ ભાજપના ઉમેદવારોએ જ વિજય મેળવતા સમગ્ર પાલિકામાં ભગવો લહેરાયો છે.

**વિરમગામમાં ભાજપને બહુમતી મળી**

અમદાવાદ જિલ્લાની રાજકીય રીતે અત્યંત મહત્ત્વની એવી વિરમગામ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ બહુમતી હાંસલ કરી લીધી છે. ૩૬ બેઠકો ધરાવતી આ પાલિકામાં ભાજપે મેજિક ફિગર એટલે કે ૧૯ બેઠકોનો આંકડો પાર કરી લેતા સત્તામાં વાપસી નિશ્ચિત બની છે. વિરમગામમાં મતગણતરી શરૂ થાય તે પહેલા જ ભાજપની રણનીતિ સફળ રહી હતી, જેમાં ૧૩ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. આજે જ્યારે અન્ય બેઠકોની મતગણતરી હાથ ધરાઈ, ત્યારે ભાજપે વધુ ૬ બેઠકો પર વિજય મેળવીને કુલ ૧૯ બેઠકોનો આંકડો સ્પર્શી લીધો છે.

**ધોળકા નગરપાલિકામાં ભાજપનો કેસરીયો**

અમદાવાદ જિલ્લાની ધોળકા નગરપાલિકાની ચૂંટણીના પરિણામોમાં



ભારતીય જનતા પાર્ટીએ એકહથ્થુ શાસન સ્થાપિત કર્યું છે. ૩૬ બેઠકો ધરાવતી આ નગરપાલિકામાં ભાજપે બહુમતીનો જાદુઈ આંકડો પાર કરી લીધો છે. ચૂંટણીની મતગણતરી શરૂ થાય તે પહેલા જ ભાજપે ૧૧ બેઠકો પર બિનહરીફ વિજય મેળવી લીધો હતો. આજે મતગણતરી દરમિયાન વધુ ૧૦ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા જાહેર થતા, પક્ષે કુલ ૨૧ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. હજુ પણ બાકીની બેઠકો માટે મતગણતરી ચાલુ છે, પરંતુ ભાજપે બહુમતી હાંસલ કરી લેતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધોળકા નગરપાલિકા પર ફરી એકવાર ભાજપનો ભગવો લહેરાયો છે અને વિપક્ષી છાવણીમાં સન્નાટો વ્યાપી ગયો છે.

**ગોડલમાં વિપક્ષનો સફાયોઃ ભાજપનો ૪૪-૦થી રેકોર્ડબ્રેક વિજય**

ગોડલ નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર પોતાની પકડ સાબિત કરતા ઐતિહાસિક જીત મેળવી છે. 'ગઢ ગોડલ'માં વિપક્ષનો સફાયો કરતા ભાજપે તમામ ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર પેનલ ટુ પેનલ વિજય મેળવ્યો છે. ચૂંટણી દરમિયાન થયેલા ગુંડાગીરીના આક્ષેપો અને 'મિરઝાપુર' જેવા ચર્ચિત મુદ્દાઓને પ્રજાએ નકારી કાઢ્યા છે. લોકોએ જયરાજસિંહના નેતૃત્વ અને વિકાસની નીતિમાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કરીને વિરોધ પક્ષને એક પણ બેઠક જીતવા દીધી નથી.

# કૃષિ દવા વેપારીઓની રાજયવ્યાપી હડતાળઃ સુરત જિલ્લામાં ૪૫૦થી વધુ દુકાનો બંધ રહી




બારડોલી- સોમવારે કૃષિ દવા વેપારીઓની એક દિવસીય રાજયવ્યાપી હડતાળ યોજાઈ હતી. આ હડતાળને પગલે પલસાણા અને બારડોલી સહિત સમગ્ર સુરત જિલ્લામાં તેની વ્યાપક અસર જોવા મળી હતી. તાલુકાભરના કૃષિ દવા વેચાણ કરતા વેપારીઓએ પોતાની દુકાનો સંપૂર્ણપણે બંધ રાખી હડતાળને સમર્થન આપ્યું હતું.

ઓલ ઈન્ડિયા એગ્રો દ્વારા ગુજરાત એગ્રો એસોસિએશનને કરાયેલી જાણ બાદ સુરત જિલ્લા એગ્રો ઇનપુટ એસોસિએશનના આહ્વાન પર આ પ્રતિકાત્મક હડતાળ ૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાઈ હતી. પલસાણા- બારડોલી વિસ્તારમાં અંદાજે ૪૫ દુકાનો સહિત સમગ્ર સુરત જિલ્લામાં ૪૫૦ થી વધુ કૃષિ દવા દુકાનધારકોએ આ હડતાળમાં ભાગ લીધો હતો.

વેપારીઓએ રાજ્ય સરકાર સમક્ષ પોતાની વિવિધ માંગણીઓ રજૂ કરવા માટે આ એક દિવસીય વિરોધ નોંધાવ્યો હતો. હડતાળના કારણે ખાતર, બીજ અને કૃષિ દવાઓના વેચાણ પર સંપૂર્ણ અસર પડી હતી, જેના પરિણામે ખેડૂતોને થોડાક સમય માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

વેપારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે આ હડતાળ માત્ર એક દિવસ માટે પ્રતિકાત્મક રીતે યોજવામાં આવી છે. જો સરકાર દ્વારા તેમની માંગણીઓનું યોગ્ય નિવારણ નહીં લાવવામાં આવે, તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

પલસાણા તાલુકાના મુખ્ય બજારોમાં કૃષિ દવાઓની દુકાનો બંધ રહેતા સામાન્ય દિવસોની સરખામણીમાં બજારમાં શાંતિપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. હડતાળ દ્વારા વેપારીઓએ એકતા દાખવી પોતાની માંગણીઓ તરફ સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો.

# કોસંબા નજીક પી.પી. સવાણી યુનિવર્સિટી હોસ્ટેલના ૯ મા માળેથી વિદ્યાર્થીની છલાંગ

## ૧૯ વર્ષીય પરપ્રાંતીય વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત, કારણ અકબંધ




માંગરોળ, ઓલપાડ- સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ધામરોડ ગામમાં આવેલી પી.પી. સવાણી યુનિવર્સિટીમાં એક દુઃખદ ઘટના બની છે. યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેતા ૧૯ વર્ષીય વિદ્યાર્થીએ રહસ્યમય સંજોગોમાં હોસ્ટેલના નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી છે.

મૃતક વિદ્યાર્થીનું નામ પેન્ડલા પવનકુમાર રામાનાઇડુ (ઉં.વ. ૧૯) છે. તે મૂળ આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના પુટલુરુ તાલુકાના કોટાપલ્લી ગામનો વતની હતો. પવનકુમાર પી.પી. સવાણી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો અને 'ડી-ટાઈપ' બોયઝ હોસ્ટેલના રૂમ નંબર ૨૦૬માં રહેતો હતો.

વહેલી સવારે આશરે ૬:૩૨ વાગ્યે પવનકુમારે હોસ્ટેલ બિલ્ડીંગના નવમા માળેથી છલાંગ લગાવી હતી. ઊંચાઈ પરથી પટકાવાને કારણે તેને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી, જેના પરિણામે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ ઘટના અંગે હોસ્ટેલના રેક્ટર તરુણકુમાર સાહબ સિંગ જાટે કોસંબા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. કોસંબા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. વિદ્યાર્થીએ આ અંતિમ પગલું શા માટે ભર્યું તે અંગેનું કારણ હજુ અકબંધ છે. પોલીસે વિદ્યાર્થીના પરિવારજનોને જાણ કરી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે યુનિવર્સિટી કેમ્પસમાં શોકનો માહોલ છવાયો છે.

# રાજકોટ કોર્પોરેશનમાં ભાજપને જંગી બહુમતી, અમદાવાદની 3 નગરપાલિકામાં પણ કમળ ખીલ્યું

ગુજરાત લોકલ બોડી રિઝલ્ટ ૨૦૨૬: રાજકોટમાં ફરી 'કેસરીયો' પણ કોંગ્રેસના સુધારાએ વધાર્યું ટેન્શન, અમદાવાદની 3 નગરપાલિકાઓમાં ભાજપનો દબદબો યથાવત પરંતુ કોંગ્રેસે આક્રામક પ્રદર્શન કર્યું. ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાના વિજય રથના ઘોડા વિનમાં જ જોવા મળ્યા છે. ખાસ કરીને મહાનગરપાલિકાઓ પર પોતાની પક્કડ યથાવત જ રાખી છે. રાજકોટ મનપા અને અમદાવાદ જિલ્લાની મહત્ત્વની નગરપાલિકાઓમાં ભાજપે ભવ્ય જીત મેળવી છે.

**રાજકોટ મનપાઃ** ભાજપનું શાસન યથાવત, કોંગ્રેસના ફાળે ૭ બેઠકો

રાજકોટ મહાનગરપાલિકામાં ભાજપે ફરી એકવાર સત્તા જાળવી રાખી છે. જો કે, આ વખતે ભાજપની બેઠકોમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે.

ભાજપ: ૬૫ બેઠકો પર જીત (ગત વખત કરતા 3 બેઠક ઘટી).

કોંગ્રેસ: ૭ બેઠકો પર વિજય.



રાજકોટમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે, પરંતુ વિપક્ષી છાવણીમાં થયેલો નજીવો સુધારો ભવિષ્ય માટે રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે. મૃતપ્રાય થયેલી કોંગ્રેસમાં ફરી એકવાર જીવ પુરાયો હોય તેવી સ્થિતિ પેદા થઇ છે.

**અમદાવાદ જિલ્લાની 3 નગરપાલિકાઓમાં ભગવો લહેરાયો**

અમદાવાદ જિલ્લાની ત્રણ મુખ્ય નગરપાલિકાઓમાં ભાજપનો પ્રચંડ વિજય થયો છે:

**૧. ધોળકા નગરપાલિકાઃ**

ધોળકામાં ભાજપે વિરોધીઓને ધોબીપછાડ આપી છે.

કુલ બેઠકો: ૩૬

ભાજપ: ૩૧ બેઠકો (પ્રચંડ બહુમતી)

**૨. વિરમગામ નગરપાલિકાઃ**

વિરમગામમાં પણ ભાજપનો પરચમ લહેરાયો છે.

કુલ બેઠકો: ૩૬

ભાજપ: ૨૬ બેઠકો

**3. બારેજા નગરપાલિકાઃ**

બારેજામાં મુકાબલો રસપ્રદ રહ્યો હતો, પરંતુ અંતે ભાજપ બાજી મારી ગયું છે.

ભાજપ: ૧૩ બેઠકો

અપક્ષ: ૧૧ બેઠકો (અપક્ષોએ અહીં મોટું જોર બતાવ્યું છે)

**પરિણામોનું તારણ**

આ પરિણામો દર્શાવે છે કે, શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં હજુ પણ ભાજપનો ગઢ મજબૂત છે. અપક્ષો અને અન્ય પક્ષો કેટલીક બેઠકો પર ગાબડું પાડવામાં સફળ રહ્યા હોવા છતાં, સત્તાના સમીકરણોમાં ભાજપ સર્વોપરી રહ્યું છે.

# વડોદરાના વોર્ડ નં.૧૪ માં રાજકીય સમીકરણ બદલાયું : ભાજપની પેનલ તૂટી, કોંગ્રેસે ખોલ્યું ખાતું



વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ૨૦૨૬ની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૪માં ચોંકાવનારો ઉલટફેર જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૧માં જ્યાં ભાજપે પેનલ વિજય સાથે દબદબો જમાવ્યો હતો, ત્યાં આ વખતે પેનલ તૂટી ગઈ છે અને ભાજપ તથા કોંગ્રેસ વચ્ચે બે-બે બેઠકો વહેંચાઈ છે.

કોંગ્રેસે આ વખતેજોરદાર એન્ટ્રી કરી પોતાનુંખાતુંખોલાવ્યું છે. કોંગ્રેસના દીપાબેન શ્રીવાસ્તવે ૧૫,૪૨૩ મત મેળવી જીત નોંધાવી છે, જ્યારે તીર્થ બ્રહ્મભટ્ટે ૧૬,૦૭૦ મત સાથે વિજય મેળવ્યો છે. નોંધનીય છે કે, દીપાબેન શ્રીવાસ્તવ પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની પુત્રી છે, જે રાજકીય રીતે મહત્વપૂર્ણ ગણાય છે. બીજી તરફ ભાજપના દીપિકાબેન પટણીને ૧૬,૨૪૯ મત મળ્યા છે અને અંકિતાબેન સોનીએ સૌથી વધુ ૧૭,૮૧૪ મત મેળવી જીત મેળવી છે.

પરાજિત ઉમેદવારોની વાત કરીએ તો કોંગ્રેસના મોહમ્મદ જાવીદ ધૂપેલવાલાને ૧૪,૧૬૦ મત અને હેમાંગીની કોલેકરને ૧૦,૦૭૭ મત મળ્યા છે. જયારે ભાજપના વિશાલ કાયસ્થને ૧૫,૩૬૭ મત અને સંતોષ ગરુડને ૧૫,૨૯૦ મત મળ્યા હોવા છતાં હારનો સામનો કરવો પડ્યો છે.

આ પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે વોર્ડ નં. ૧૪માં મતદારોનો મિજાજ બદલાયો છે.

# કડોદરાના ટ્રક ડ્રાઈવરના પુત્રની રાજસ્થાન રોયલ્સમાં પસંદગી




બારડોલી-કહેવાય છે કે 'સફળતા કોઈ સુખ-સુવિધાની પર નિર્ભર નથી હોતી, તે માત્ર સખત પરિશ્રમ માંગે છે.' આ વાક્યને સુરત જિલ્લાના કડોદરામાં રહેતા એક સામાન્ય પરિવારના યુવાને સાર્થક કરી બતાવ્યું છે. એક ટ્રક ડ્રાઇવરના પુત્ર સોહેલ ખાન ની પ્રતિષ્ઠિત IPL ટીમ રાજસ્થાન રોયલ્સ માં પસંદગી થઈ છે. અને એક ફાસ્ટ બોલર તરીકે પોતાનું યોગદાન આપશે. આ સમાચાર મળતા જ સમગ્ર કડોદરા અને સુરત જિલ્લામાં ગૌરવ અનેહર્ષોલ્લાસનો માહોલ છવાયો છે.

સોહેલના મામા જામીદ અલી, જેઓ સોહેલને તેના વતનથી કડોદરા લાવ્યા હતા, તેઓ ભાવુક થતા જણાવે છે કેઃ 'સોહેલને નાનપણથી જ ક્રિકેટમાં ભારે રુચિ હતી. તેના માતા-પિતાની મંજૂરી લઈને હું તેને અહીં તાલીમ માટે લાવ્યો હતો. આજે તેની આઈપીએલમાં પસંદગી થતાં અમારા પરિવાર અને આખા ગામમાં ઉત્સવ જેવો માહોલ છે. આ ખુશી શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.'

સોહેલ વર્ષ ૨૦૨૧ માં મારી પાસે તાલીમ લેવા આવ્યો હતો. શરૂઆતમાં તેની બોલિંગની ઝડપ આશરે ૧૧૦ કિમી પ્રતિ કલાક હતી. પરંતુ તેણે દિવસ-રાત જોયા વગર કરેલી મહેનત અને કડક શિસ્તના કારણે આજે મોટું પરિવર્તન આવ્યું છે.

એકેડેમી હોય કે જીમ, સોહેલે ક્યારેય પોતાનું વર્કઆઉટ મિસ કર્યું નથી. તેની આ જ લગન આજે તેને આ ઊંચાઈએ લઈ ગઈ છે.' પરિવારમાં દિવાળી જેવો માહોલ સોહેલ મુખ્યત્વે ઝડપી બોલર છે અને હાલમાં તેની સરેરાશ ઝડપ ૧૩૮ કિમી પ્રતિ કલાક છે. રાજસ્થાન રોયલ્સની ટ્રાયલ દરમિયાન તેણે ૧૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સચોટ બોલિંગ કરીને પસંદગીકારોને પ્રભાવિત કર્યા હતા. બોલિંગ ઉપરાંત તે બેટિંગમાં પણ કમાલ બતાવવાની ક્ષમતા ધરાવે છે.

# જામનગર મનપાઃ જેલમાંથી જીત્યા ગુજસીટોકના ૨ આરોપી, ભાજપના દબદબા વચ્ચે કોંગ્રેસનો સફાયો, AAPએ ખાતું ખોલ્યું


જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે. એક તરફ ભારતીય જનતા પાર્ટીએ પોતાનું એકચક્રી શાસન જાળવી રાખી પ્રભુત્વ સ્થાપિત કર્યું છે, તો બીજી તરફ વિપક્ષ તરીકે કોંગ્રેસનો લગભગ સફાયો થયો છે. જોકે, આ આખી ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા વોર્ડ નંબર ૧૨ ના પરિણામોની થઈ રહી છે, જ્યાં જેલવાસ ભોગવી રહેલા બે આરોપીઓએ જીત મેળવીને રાજકીય સમીકરણો બદલી નાખ્યા છે.

કોંગ્રેસનો ઐતિહાસિક પરાજયઃ માત્ર ૨ બેઠકો પર સમેટાઈ

ચૂંટણી પહેલા કોંગ્રેસે ૬૨ ઉમેદવારો મેદાનમાં ઉતારીને મજબૂત લડત આપવાનો દાવો કર્યો હતો, પરંતુ પરિણામોમાં કોંગ્રેસના ૬૦ ઉમેદવારોની હાર થઈ છે. અગાઉ દોઢ ડઝન જેટલી બેઠકો ધરાવતી કોંગ્રેસ હવે માત્ર ૨ બેઠકો પર સીમિત થઈ ગઈ છે. ખુદ જામનગર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા પણ પોતાની સુરક્ષિત ગણાતી વોર્ડ નંબર ૧ ની બેઠક બચાવી શક્યા નથી.

વોર્ડ નંબર ૧૨ઃ જેલમાંથી જીત્યા 'ગુજસીટોક'ના આરોપીઓ

આ ચૂંટણીમાં સૌથી અજીબ કિસ્સો વોર્ડ નંબર ૧૨ માં જોવા મળ્યો છે. અહીં જનતાએ જેલમાં રહેલા બે એવા ઉમેદવારોને વિજયી બનાવ્યા છે જેમની સામે ગુજસીટોક




હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

૧ અલ્તાફ ખફી, કોંગ્રેસ ઉમેદવાર

જેલવાસ ભોગવી રહેલા અલ્તાફ ખફી અને તેમની ગેંગ સામે ચૂંટણી પહેલા જ તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં તેમના ગેરકાયદેસર ફાર્મ હાઉસ અને દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. તેમ છતાં, તેઓ વિજયી બન્યા છે. તેમની સાથે પૂર્વ કોર્પોરેટર સહારાબેન મકવાણા પણ જીત્યા છે.

૨ અસલમ ખિલજી, AAP ઉમેદવાર

અગાઉ કોંગ્રેસમાં રહેલા અને હવે 'આપ' માંથી ચૂંટણી લડતા અસલમ ખિલજી પણ જેલમાંથી જીતવામાં સફળ રહ્યા છે. તેમની સાથે એડવોકેટ જેનબબેન ખફી એ પણ જીત મેળવી છે.

આમ આદમી પાર્ટીનો ઉદય

લગભગ ૫૦ ઉમેદવારો સાથે મેદાનમાં ઉતરેલી આમ આદમી પાર્ટીએ પણ જામનગરમાં પોતાનું ખાતું ખોલ્યું છે. પક્ષપલટા અને આંતરિક ખેંચતાણ વચ્ચે પણ 'આપ' વોર્ડ નંબર ૧૨ માં ૨ બેઠકો અંકે કરવામાં સફળ રહી છે, જે આગામી સમયમાં નવા રાજકીય વળાંકના સંકેત આપે છે.

આ ચૂંટણી પરિણામોએ સાબિત કર્યું છે કે ભાજપનો ગઢ અકબંધ છે, જ્યારે કોંગ્રેસ માટે આ અસ્તિત્વની લડાઈ સમાન છે. જેલમાંથી ચૂંટાઈ આવેલા ઉમેદવારો અને 'આપ' ના પ્રવેશથી જામનગરના રાજકારણમાં હવે નવા સમીકરણો જોવા મળશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# તંત્રી લેખ.......



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

## ભૂખમરો : નિષ્ઠુર યુદ્ધનું નિર્દયી શસ્ત્ર!

નિષ્ઠુર યુદ્ધનું આ નિર્દયી શસ્ત્ર કેટલા બધાં આક્રમણખોરોએ અપનાવ્યું છે. હિટલરે યહુદીઓને ભૂખે મારવાનો રસ્તો અપનાવ્યો, તો જનરલ એફ્રાઇન રિયોસ મોન્ટે જનસંહાર કર્યો

એ ઉક્તિ તો અતિ પ્રસિદ્ધ છે કે 'ઇતિહાસ હંમેશાં પુનરાવર્તન પામે છે,' પરંતુ એ પુનરાવર્તન અનિવાર્ય રીતે મનુષ્યજાતિને સમજદારી દાખવીને પ્રગતિના પંથે જ લઇ જનારું હોતું નથી, બલ્કે એને પતનના ઊંડા માર્ગે લઇ જાય છે. ઇતિહાસનું થતું કેટલુંક પુનરાવર્તન આપણને આશ્ચર્ય જગાડે છે આવી નિષ્ઠુર ઘટનાઓનું પુનરાવર્તન થાય, ત્યારે પ્રજા કઈ રીતે એને સાંખી લે છે ?

આજે ઇઝરાયેલ ગાઝા પર જે નિર્દયતાથી આક્રમણ કરી રહ્યું છે એ ઘટનાઓ જોઇએ અને એ પૂર્વનો યહૂદી પ્રજાનો ઇતિહાસ જોઇએ, ત્યારે એમ થાય કે ઇતિહાસ કેવું અવળું પુનરાવર્તન કરતો હોય છે ! ૧૯૪૧થી ૧૯૪૫ સુધી નાઝી જર્મની અને એના સાથીઓએ સાઇઠ લાખ યહૂદીઓની હત્યા કરી. બીજા અર્થમાં કહીએ તો યુરોપની યહુદી પ્રજાનાં બે તૃતિયાંશ ભાગને એણે કરુણ અને કરપીણ મોત આપવાના જુદા જુદા તરીકાઓથી ખતમ કરી નાખ્યા. સમૂહ પર ગોળીબાર કરીને ઝેરી ગેસ ચેમ્બરમાં ભૂંજી નાખીને કે યાતના છાવણીઓમાં પારાવાર જુલમ ગુજારીને એણે યહુદીઓની હત્યા કરી. આજે એ જ ઇઝરાયેલ પેલેસ્ટાઇનનાં ભૂખ્યા, બેસહારા, લાચાર માનવીઓને એક ભીડમાં બદલી નાખે છે અને પછી એ ભીડ પર અમાનવીય રીતે ગોળીબાર કરે છે. પોતાના ભૂતકાળની વેદના જાણે વર્તમાનમાં બીજાઓ પર વરસાવવા માગતું ન હોય ! ભારતીય ઇતિહાસમાં એવી ઘણી ઘટનાઓ મળે કે જયારે કોઈ રાજા પોતાનું રાજય બચાવવા માટે કિલ્લાનાં દરવાજા બંધ કરી દે, તો સામે પક્ષે આક્રમણકારી રાજા એ કિલ્લામાં અનાજ કે પાણી ન જાય તેવી રીતે ઘેરાબંધી કરે.

નિષ્ઠુર યુદ્ધનું આ નિર્દયી શસ્ત્ર કેટલા બધાં આક્રમણખોરોએ અપનાવ્યું છે. હિટલરે યહુદીઓને ભૂખે મારવાનો રસ્તો અપનાવ્યો, તો સાથોસાથ જનરલ એફ્રાઇન રિયોસ મોન્ટે જનસંહાર કર્યો. ગ્વાટેમાલાના આ ૩૮મા પ્રેસિડેન્ટે પોતાની સત્તા જાળવવા માટે દેશની સિવિલ વોર વખતે ભૂખમરાનું શસ્ત્ર અજમાવ્યું. મૂળે લશ્કરી અધિકારી રિયોસ મોન્ટ બ્રિગેડીયન જનરલ બન્યો.


પ્રમુખપદની ચૂંટણીમાં એ પરાજિત થયો, એમ છતાં નવો પક્ષ રચીને ગ્વાટેમાલામાં એ સત્તા પર આવ્યો. એણે ભૂખમરા દ્વારા પોતાના અનેક વિરોધીઓને મોતને ઘાટ ઉતાર્યા. એના આ દુષ્કૃત્ય માટે એને કોન્સ્ટિટયૂશનલ કોર્ટે એંસી વર્ષની સજા કરી હતી, જો કે એ સજા પૂરી કરે તે પહેલાં ૨૦૧૮ના એપ્રિલમાં હાર્ટ એટેકથી મૃત્યુ પામ્યો. એ જ સ્થિતિ જુદા જુદા બળવાખોર જૂથોના નિર્દયી સંઘર્ષ બળવાખોરો વચ્ચે ઘેરાયેલા દક્ષિણ સુદાનની છે, જયાં લગભગ અઢી લાખ લોકો દુષ્કાળથી મૃત્યુ પામ્યા. એ જ રીતે બોસ્નિયાનાં યુદ્ધોમાં સર્બોએ સેબ્રેનિકા અને ગોરાન્દે જેવા જિલ્લાઓમાં અન્ન સહાય અટકાવી દીધી હતી અને કેટલાય લોકો મૃત્યુ પામ્યાં. જરા યહુદી પ્રજાને એના અતીતની યાદ આપવાની જરૂર છે કે જયારે જર્મન સૈનિકોએ ભૂખની યુદ્ધનીતિ અપનાવી હતી તે કેવી ભયાનક હતી! એક જ સ્થળે ભયભીત થઇને વસતા યહૂદી ઘેટોમાં નાઝીઓ ભૂખમરાથી પીડાતા યહુદીઓને ત્રણ કીલો બ્રેડ અને એક કીલો જામની લાલચ આપીને એમને યાતનાશિબિર સુધી ચાલતા લઇ જતા હતા.

આનું કારણ એ હતું કે મોતને ઘાટ ઉતારવા માટે દિવસમાં બે વાર જતી બારસો લોકોની ટ્રેનમાં બધા યહુદીઓનો સમાવેશ થતો નહોતો, ત્યારે બાકીનાં લોકોને આ રીતે પગપાળા લઇ જવામાં આવતા હતા અને એમનો અંત કરુણ મૃત્યુમાં આવતો હતો. ૧૯૩૨-૩૩ માં આજના યુક્રેનને ભૂખે મારવાનો કારસો રશિયાએ કર્યો હતો. ઇતિહાસ એને 'હોલોડોમોર' તરીકે ઓળખે છે. જયારે રશિયાનાં તાબા હેઠળનાં યુક્રેનમાં ૧૯૩૨-૩૩માં લાખો યુક્રેનવાસીઓને દુષ્કાળે ભરખી લીધા હતા.પહેલી પંચવર્ષીય યોજનાને કારણે થયેલા ઔદ્યોગિકરણને કારણે ઘઉંની ભરપૂર ફસલ પર જીવતા યુક્રેનને દુષ્કાળનો અનુભવ કરવો પડયો.

# ભારતમાં ગરમીના તમામ રેકોર્ડ તૂટશે! વિજ્ઞાનીઓએ આપી 'ગોડઝિલા અલ-નીનો'ની ચેતવણી

ભારત હાલમાં વિશ્વનો સૌથી ગરમ દેશ છે, જયાં એપ્રિલ મહિનામાં જ તાપમાન ૪૩ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. ચોંકાવનારી વાત એ છે કે, વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૫ માત્ર ભારતમાં જ છે. ભારતીય હવામાન વિભાગના નકશામાં પણ દેશનો મોટાભાગનો હિસ્સો લાલ રંગમાં જોવા મળી રહ્યો છે.જે ગંભીર હીટવેવની સ્થિતિ દર્શાવે છે. ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને કારણે ગરમીની આ લહેર વધુ લાંબી અને ઘાતક બની રહી છે.

વિજ્ઞાનિઓના મોડલ્સ ચેતવણી આપી રહ્યા છે કે, વર્ષ ૨૦૨૬માં સુપર અલ-નીનો અથવા ગોડઝિલા અલ-નીનો ત્રાટકી શકે છે. વિશ્વ હવામાન સંસ્થા ના જણાવ્યા અનુસાર, મે થી જુલાઈ ૨૦૨૬ દરમિયાન અલ-નીનોની શરૂઆત થવાની પ્રબળ શક્યતા છે. પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન આ સદીમાં ક્યારેય ન વધ્યું હોય એટલી ઝડપથી વધી રહ્યું છે. આ સ્થિતિ વિશ્વભરના હવામાન અને વરસાદના પેટર્નને સંપૂર્ણપણે બદલી નાખશે તેવી ભીતિ સેવાઈ રહી છે.



અલ-નીનોને કારણે વિશ્વના અમુક હિસ્સામાં ભારે પૂર આવશે. જયારે દક્ષિણ એશિયા અને ભારતમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. જો આ સુપર અલ-નીનો બનશે તો ભારતમાં ચોમાસું નબળું પડવાની અને વરસાદ અનિયમિત થવાની શક્યતા છે. જેની સીધી અસર કૃષિ ક્ષેત્ર પર પડશે. પ્રશાંત મહાસાગરમાં પેદા થતી આ ગરમ લહેર પૃથ્વીના તાપમાનમાં અનેકગણો વધારો કરશે. જેનાથી ૨૦૨૬ કે ૨૦૨૭ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ સાબિત થઈ શકે છે.

વિજ્ઞાનીઓએ સરકારો અને ખાસ કરીને ખેડૂતોને અત્યારથી જ સાવધ રહેવા સૂચના આપી છે. પાણીનો બચાવ, હીટ વેવથી બચવા માટેના આરોગ્ય કાર્યક્રમો અને દુષ્કાળ પ્રતિરોધક પાકની પસંદગી અત્યંત જરૂરી છે. WMO દ્વારા આગામી સમયમાં દક્ષિણ એશિયાઈ ચોમાસા અંગે વધુ સચોટ આગાહી જાહેર કરવામાં આવશે. માનવસર્જિત આબોહવા પરિવર્તન અને અલ-નીનોની સંયુક્ત અસરથી બચવા માટે અત્યારથી જ લાંબાગાળાનું આયોજન કરવું અનિવાર્ય બન્યું છે.

# ભુજમાં ઓવૈસીની એન્ટ્રી! ખેડામાં અખિલેશ યાદવની સાઈકલ દોડી: ગુજરાત સ્થાનિક ચૂંટણીમાં ઉલટફેર

ગુજરાતમાં ૧૫ નગર નિગમ, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની ૯,૦૦૦ થી વધુ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામો ધીરે-ધીરે સ્પષ્ટ થઈ રહ્યા છે. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને AAP ઉપરાંત ઓવૈસીની પાર્ટી અને અખિલેશ યાદવની સપાએ પણ પોતાની હાજરી નોંધાવી છે.



કચ્છના ભુજમાં વોર્ડ નંબર-૧માં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIMએ જોરદાર એન્ટ્રી કરી છે. ભુજ નગરપાલિકામાં AIMIM ના ૩ ઉમેદવારોએ જીત પ્રાપ્ત કરી છે. મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં ઓવૈસીની પાર્ટીએ કોંગ્રેસના મતોમાં ગાબડું પાડ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવ માટે ગુજરાતમાંથી મોટા સમાચાર આવ્યા છે. ખેડા જિલ્લાની કઠલાલ નગરપાલિકાના વોર્ડ નંબર ૪ માં સમાજવાદી પાર્ટીના ઉમેદવારે જીત મેળવી છે. ગુજરાતના રાજકારણમાં સપાની આ એન્ટ્રીએ વિશ્લેષકોને વિચારતા કરી દીધા છે.

**ભાજપનો ભવ્ય વિજય, AAP અને કોંગ્રેસની સ્થિતિ**

શરૂઆતના વલણ પરથી સ્પષ્ટ થાય છે કે, ભાજપે એકતરફી પ્રભુત્વ જાળવી રાખ્યું છે. મોટાભાગની જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ભાજપના ઉમેદવારો આગળ ચાલી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ પણ કેટલીક બેઠકો પર જીત મેળવીને પોતાની પકડ જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે, જયારે કોંગ્રેસનું પ્રદર્શન ભાજપની સરખામણીએ નબળું જણાઈ રહ્યું છે.

**ચૂંટણીના આંકડા પર એક નજર-** અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૬ એપ્રિલે યોજાયેલા આ મતદાનમાં ૪ કરોડ ૧૮ લાખથી વધુ મતદારોએ ભાગ લીધો હતો. જે પૈકી મહાનગર પાલિકા: ૪૯.૦૨% (શહેરી વિસ્તારોમાં ઓછું મતદાન), નગરપાલિકા: ૫૯.૫૦%, જિલ્લા પંચાયત: ૬૧.૬૯%, તાલુકા પંચાયત: ૬૨.૩૮% (ગ્રામીણ વિસ્તારોમાં ભારે ઉત્સાહ)

**શરૂઆતના વલણ પરથી સ્પષ્ટ થાય છે કે, ભાજપે એકતરફી પ્રભુત્વ જાળવી રાખ્યું છે. મોટાભાગની જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ભાજપના ઉમેદવારો આગળ ચાલી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ પણ કેટલીક બેઠકો પર જીત મેળવીને પોતાની પકડ જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે**

# છત્રપતિ શિવાજી મહારાજ પર ધીરેન્દ્ર શાસ્ત્રીની વિવાદિત ટિપ્પણી, અભિનેતા રિતેશ દેશમુખ ભડક્યો

અભિનેતા-ફિલ્મમેકર રિતેશ દેશમુખે કથાવાચક ધીરેન્દ્ર શાસ્ત્રીની ટિપ્પણીઓ પર આક્રોશજનક પ્રતિક્રિયા આપી છે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ છત્રપતિ શિવાજી મહારાજ અંગે વિવાદિત નિવેદન આપ્યું હતું, આ પ્રતિક્રિયા એવા સમયે આવી છે, જયારે રિતેશ પોતે શિવાજી મહારાજના જીવન પર આધારિત એક ભવ્ય ફિલ્મ લઈને આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે રિતેશ દેશમુખ, જેઓ પોતાની જાતને શિવાજી મહારાજના કટ્ટર ભક્ત માને છે, આ ટિપ્પણીથી એટલા આઘાતમાં છે કે સોશિયલ મીડિયા પર બાબા બાગેશ્વરને કડક શબ્દોમાં અરીસો બતાવ્યો છે. રિતેશ દેશમુખે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મરાઠીમાં એક પોસ્ટ કરી. તેમણે પોતાની નારાજગી વ્યક્ત કરતા લખ્યું કે જયારે કોઈ આપણા આરાધ્ય દેવ વિશે આવી રીતે મનઘડંત અને અપમાનજનક વાતો કરે છે, ત્યારે એક શિવ-ભક્ત હોવાના નાતે લોહી ઉકળવું સ્વાભાવિક છે. રિતેશે રોષ સાથે કહ્યું, 'શિવાજી મહારાજની વિરાસતને નીચી દેખાડવાના આવા નકામા પ્રયાસો બિલકુલ પણ સહન કરવામાં આવશે નહીં. કોઈ પણ આવીને કંઈ પણ બકવાસ ન કરી શકે.'



એક્ટરે આગળ લખ્યું, 'તેમને કોઈ મર્યાદિત દાયરામાં બાંધવાના આવા વ્યર્થ પ્રયાસો, સમયના ગર્ભમાં જ વિલીન થઈ જશે. પરંતુ જે રીતે સહ્યાદ્રિની પર્વતમાળાઓ લાખો વર્ષોથી અસ્તિત્વમાં છે, બરાબર તે જ રીતે 'તે' એક નામ પણ ભવિષ્યમાં કરોડો વર્ષો સુધી અમર રહેશે. અને તે નામ છે... પ્રતાપ પુરંદર... ક્ષત્રિય કુલ-ભૂષણ... સિંહાસનના સ્વામી... સમ્રાટોના પણ સમ્રાટ... ધન્ય રાજશિવ છત્રપતિ મહારાજ.'

સમગ્ર મામલો નાગપુરના એક સમારોહથી શરૂ થયો, જયાં કથાવાચક ધીરેન્દ્ર શાસ્ત્રીએ દાવો કર્યો હતો કે છત્રપતિ શિવાજી મહારાજ યુદ્ધ લડતા-લડતા સાવ થાકી ગયા હતા. બાબાએ પોતાના ભાષણમાં કહ્યું, 'એક દિવસ મહારાજ પોતાના ગુરુ રામદાસ સ્વામી પાસે ગયા, પોતાનો મુગટ તેમના ચરણોમાં રાખ્યો અને કહ્યું કે હું હવે વધુ લડવા નથી માંગતો, હું ખૂબ થાકી ગયો છું. તમે જ આ રાજય સંભાળો.' બાબાના આ દાવાને ઇતિહાસ સાથે છેડછાડ માનવામાં આવી રહી છે.

# રાજપીપળા નગરપાલિકામાં ભાજપની આંધી! ઈતિહાસમાં પહેલીવાર કોંગ્રેસ ૦ પર સમેટાઈ

## રાજપીપળામાં ભાજપનો ઐતિહાસિક વિજય:

કોંગ્રેસ-AAP ના સુપડા સાફ, આઝાદી પછી પ્રથમવાર કોંગ્રેસ 'ઝીરો' પર સમેટાઈ ગયા હતા. નર્મદા જિલ્લાના વડામથક રાજપીપળામાં ભાજપે જીતનો નવો ઇતિહાસ રચ્યો છે. રાજપીપળા નગરપાલિકાની સ્થાપના બાદ આ ભાજપની અત્યાર સુધીની સૌથી મોટી અને ભવ્ય જીત માનવામાં આવી રહી છે.



**નગરપાલિકામાં કેસરીયો માહોલ**

રાજપીપળા નગરપાલિકાની કુલ ૨૮ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં ભાજપે પ્રચંડ બહુમતી મેળવી છે.

**કુલ બેઠકો: ૨૮**

ભાજપ: ૨૫ બેઠકો (૨ બિનહરીફ + ૨૩ જીતેલી બેઠકો)

**અપક્ષ: ૦૩ બેઠકો**

**કોંગ્રેસ: ૦૦ બેઠક**

**AAP: ૦૦ બેઠક**

**કોંગ્રેસનો ગઢ ધરાશાયી**

રાજપીપળાના રાજકીય ઇતિહાસમાં આ પ્રથમ એવી ઘટના છે જયારે કોંગ્રેસ ૦ પર સમેટાઈ ગઈ છે. એક સમયે મજબૂત ગણાતી કોંગ્રેસના તમામ ઉમેદવારોનો પરાજય થયો છે. તો બીજી તરફ આમ આદમી પાર્ટી પણ અહીં પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી છે. વોર્ડ વાઈઝ વિજેતાઓની સ્થિતિ

**રાજપીપળાના ૭ વોર્ડમાં ભાજપનો દબદબો જોવા મળ્યો છે:**

વોર્ડ નં. ૧, ૨, ૫, ૬, ૭: તમામ ૪-૪ બેઠકો પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો છે.

વોર્ડ નં. ૪: ભાજપે તમામ ૪ બેઠકો જીતી (જેમાં ૧ બેઠક બિનહરીફ હતી).

વોર્ડ નં. ૩: આ વોર્ડમાં જંગ રસપ્રદ રહ્યો હતો, જેમાં ભાજપને ૧ બેઠક મળી છે જયારે ૩ બેઠકો અપક્ષના ફાળે ગઈ છે.

**ઐતિહાસિક રેકોર્ડ**

રાજપીપળા નગરપાલિકાની સ્થાપના બાદ ભાજપે મેળવેલી આ સૌથી મોટી જીત છે.

આ જીત સાથે જ ભાજપે ફરી એકવાર સાબિત કર્યું છે કે આદિવાસી બહુલ જિલ્લાઓમાં પણ 'કમળ' મજબૂત પકડ ધરાવે છે.

**નર્મદા જિલ્લાના વડામથક રાજપીપળામાં ભાજપે જીતનો નવો ઇતિહાસ રચ્યો છે. રાજપીપળા નગરપાલિકાની સ્થાપના બાદ આ ભાજપની અત્યાર સુધીની સૌથી મોટી અને ભવ્ય જીત માનવામાં આવી રહી છે.**

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

# પલસાણામાં અજાણ્યા વાહન ચાલકની ટક્કરથી મહિલાનું મોત

બારડોલી- સુરત જિલ્લાના પલસાણા નજીક કડોદરા-બારડોલી મુખ્ય માર્ગ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રસ્તો ઓળંગી રહેલી એક શ્રમજીવી મહિલાને પૂરઝડપે આવતા અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું.



મળતી માહિતી મુજબ, દસ્તાન ગામની 'દસ્તાન રેસિડેન્સી'માં રહેતા રાકેશકુમાર રામદત્ત પાંડેના પત્ની બિમલેશદેવી (ઉં.વ.૪૨) બગુમરા ગામની સીમમાં અંબર વાટિકા સોસાયટી પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા.

આ સમયે કડોદરાથી બારડોલી તરફ જતા ટ્રેક પર એક અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનને પૂરઝડપે હંકારી લાવી બિમલેશદેવીને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે બિમલેશદેવીને માથાના ભાગે અને જમણા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સંજીવની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જયાં ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. ઘટના બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અંગે મૃતકના પતિ રાકેશકુમાર પાંડેએ પલસાણા પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### સ્થાનિક સ્વરાજની ૧૦ હજાર સીટનું પરિણામ

# ગુજરાત કેસરિયા રંગે રંગાયું:ભાજપની તમામ ૧૫ મનપા, ૩૪ માંથી ૩૩ જિ.પં, ૭૮ ન.પા. અને ૨૫૩ તા. પં. પર જીત





સ્થાનિક સ્વરાજની ચૂંટણીના આજે ૨૮ એપ્રિલે પરિણામો જાહેર થશે. ૧૫ મનપા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે યોજાયેલી ચૂંટણીની મતગણતરી યોજાઈ હતી. હવે પરિણામો જાહેર થઈ ચૂક્યા છે. મતગણતરી પહેલા કુલ ૧૦ હજાર ૫ સીટમાંથી ૭૩૨ સીટ બિનહરીફ થઈ હતી.

ભાજપ ૨૦૨૧ ની ફરી ભવ્ય જીત મેળવી છે. જયારે તમામ ૧૫ મનપા પર પણ કબ્જો મેળવ્યો છે. નગરપાલિકામાંથી ૭૬ પર ભાજપ અને ૮ કોંગ્રેસને મળી છે. ૩૪માંથી ૩૩ જિલ્લા પંચાયત પર શાસનમાં આવ્યા છે. ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ભાજપને ફાળે ૨૫૩ અને ૭માં કોંગ્રેસ તથા આપને મળી છે.

અમરેલી જિલ્લાની બગસરા તાલુકા પંચાયત કબ્જે કરી આપે ઇતિહાસમાં પહેલીવાર પંચાયતમાં સત્તા મળી છે. સુરત મનપામાં ૨૦૨૧માં ૨૭ સીટ જીતનારી આપ આ ૪ સીટ પર સમેટાઈ છે. જયારે કોંગ્રેસને ૧ અને ૧૧૫ સીટ સાથે ભાજપે ફરી સત્તા મેળવી છે.

સમગ્ર ચૂંટણીનું ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા માઇક્રો મેનેજમેન્ટ કર્યું હતું. રાજયભરમાં ડોર-ટુ-ડોર પ્રચાર સાથે ગ્રૂપ મીટિંગ પર ભાર મૂકી સૌને સાથે લઈને ચાલવાની નીતિ અપનાવી હતી. ચૂંટણી દરમ્યાન ભાજપે તમામ જિલ્લાઓ તથા તાલુકાઓમાં ગ્રુપ મિટિંગ અને સામાજિક બેઠકો કરી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપે બૂથ લેવલથી વોટ બેન્ક સુધી પહોચવા માટે આખું પ્લાનિંગ ઘડ્યું હતું.

ડખ મોદીએ ગુજરાતની જનતાનો આભાર માન્યો, કહ્યું-રાજયને નવી ઉંચાઈએ લઈ જઈશું સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પ્રચંડ વિજય માટે ગુજરાતના લોકોનો આભાર. સુશાસન અને ગુજરાત સરકારની શ્રેષ્ઠ કામગીરીને જોઈને મત આપ્યો છે. તેમણે વર્ષોથી ભાજપની મહેનતને આશીર્વાદ આપ્યા છે. હું ગુજરાતના લોકોને ખાતરી આપું છું કે અમે આવનારા સમયમાં વધુ મહેનત કરીશું અને ગુજરાતને નવી ઊંચાઈઓ પર લઈ જઈશું.

પાટીલ સામે પંચાલ ટૂંકા પડ્યા ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ હતા અને તેમના નેતૃત્વમાં પાર્ટીએ ૬૧ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર ૯૦ ટકા બેઠકો જીતી હતી. હવે પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ છે અને પરિણામો જાળવી રાખવાની સૌથી મોટી ચેલેન્જ હતી. જગદીશન પંચાલના નેતૃત્વમાં આ પહેલી ચૂંટણી લડાઈ છે અને અહીં જ તેમની અગ્નિપરીક્ષા થઈ છે. જો કે તેઓ આ પરીક્ષામાં સંપૂર્ણ પાસ થઈ ગયા છે.

## તાલુકા પંચાયત રિઝલ્ટ

| નગરપાલિકા | કુલ સીટ | જાહેર | ભાજપ | કોંગ્રેસ | AAP | અન્ય |
|---|---|---|---|---|---|---|
| વઘઈ | 16 | 16 | 8 | 8 | 0 | 0 |
| આહવા | 16 | 16 | 7 | 9 | 0 | 0 |
| સુબીર | 16 | 16 | 12 | 4 | 0 | 0 |
| જલાલપોર | 20 | 20 | 18 | 1 | 0 | 1 |
| નવસારી | 16 | 16 | 16 | 0 | 0 | 0 |
| ચીખલી | 28 | 28 | 25 | 3 | 0 | 0 |
| ખેરગામ | 16 | 16 | 11 | 5 | 0 | 0 |
| ગણદેવી | 24 | 24 | 23 | 0 | 0 | 1 |
| વાંસદા | 28 | 25 | 13 | 12 | 0 | 0 |
| કામરેજ | 20 | 20 | 16 | 0 | 0 | 4 |
| બારડોલી | 22 | 20 | 20 | 0 | 0 | 0 |
| ઉમરપાડા | 16 | 16 | 12 | 1 | 0 | 3 |
| ઓલપાડ | 24 | 24 | 24 | 0 | 0 | 0 |
| માંડવી(સુરત) | 18 | 18 | 12 | 5 | 0 | 1 |
| માંગરોળ | 24 | 24 | 20 | 4 | 0 | 0 |
| મહુવા | 16 | 16 | 14 | 2 | 0 | 0 |
| ચોર્યાસી | 16 | 16 | 14 | 1 | 0 | 1 |
| પલસાણા | 16 | 16 | 16 | 0 | 0 | 0 |
| અરેઠ | 16 | 16 | 12 | 4 | 0 | 0 |
| અંબિકા | 16 | 16 | 14 | 2 | 0 | 0 |
| કુકરમુંડા | 16 | 16 | 11 | 5 | 0 | 0 |
| નિઝર | 16 | 16 | 9 | 6 | 0 | 1 |
| ઉચ્છલ | 16 | 16 | 11 | 5 | 0 | 0 |
| વ્યારા | 20 | 20 | 7 | 13 | 0 | 0 |
| ડોલવણ | 16 | 16 | 11 | 5 | 0 | 0 |
| સોનગઢ | 18 | 18 | 9 | 9 | 0 | 0 |
| વાલોડ | 16 | 16 | 11 | 5 | 0 | 0 |
| ઉકાઈ | 16 | 16 | 5 | 7 | 4 | |
| ઉમરગામ | 30 | 30 | 25 | 1 | 0 | 4 |
| ધરમપુર | 24 | 24 | 13 | 10 | 0 | 1 |
| પારડી | 22 | 22 | 22 | 0 | 0 | 0 |
| કપરાડા | 22 | 22 | 18 | 4 | 0 | 0 |
| વલસાડ | 32 | 32 | 31 | 0 | 0 | 1 |
| નાના પોંઢા | 20 | 20 | 18 | 2 | 0 | 0 |
| **કુલ** | **668** | **663** | **508** | **133** | **4** | **18** |

| લોકલ બોડી | સંખ્યા | સીટ | જાહેર | ભાજપ | કોંગ્રેસ | અન્ય-AAP |
|---|---|---|---|---|---|---|
| મહાનગરપાલિકા | 15 | 1044 | 1044 | 937 | 95 | 12 |
| જિલ્લા પંચાયત | 34 | 1090 | 1079 | 883 | 136 | 60 |
| તાલુકા પંચાયત | 260 | 5234 | 5108 | 3592 | 1026 | 490 |
| નગરપાલિકા | 84 | 2,624 | 2624 | 1988 | 459 | 177 |
| **કુલ** | **393** | **9992** | **9855** | **7400** | **1716** | **739** |

## મનપા રિઝલ્ટ

| મહાનગરપાલિકા | કુલ સીટ | જાહેર | ભાજપ | કોંગ્રેસ | AAP | અન્ય |
|---|---|---|---|---|---|---|
| સુરત | 120 | 120 | 115 | 1 | 4 | 0 |
| નવસારી | 52 | 52 | 50 | 2 | 0 | 0 |
| વાપી | 52 | 52 | 37 | 11 | 0 | 4 |
| **કુલ** | **224** | **224** | **202** | **14** | **4** | **4** |

## જીલ્લા પંચાયત રિઝલ્ટ

| મહાનગરપાલિકા | કુલ સીટ | જાહેર | ભાજપ | કોંગ્રેસ | AAP | અન્ય |
|---|---|---|---|---|---|---|
| સુરત | 36 | 36 | 35 | 0 | 1 | 0 |
| નવસારી | 30 | 30 | 27 | 3 | 0 | 0 |
| તાપી | 26 | 26 | 18 | 8 | 0 | 0 |
| વલસાડ | 36 | 36 | 32 | 3 | 0 | 1 |
| ડાંગ | 18 | 18 | 12 | 6 | 0 | 0 |
| **કુલ** | **146** | **146** | **124** | **20** | **1** | **1** |

## નગરપાલિકા રિઝલ્ટ

| નગરપાલિકા | કુલ સીટ | જાહેર | ભાજપ | કોંગ્રેસ | AAP | અન્ય |
|---|---|---|---|---|---|---|
| બારડોલી | 36 | 36 | 32 | 3 | 0 | 1 |
| કડોદરા | 28 | 28 | 25 | 0 | 0 | 3 |
| માંડવી (સુરત) | 24 | 24 | 22 | 2 | 0 | 0 |
| તરસાડી | 28 | 28 | 24 | 4 | 0 | 0 |
| ગણદેવી | 24 | 24 | 24 | 0 | 0 | 0 |
| વ્યારા | 28 | 28 | 26 | 2 | 0 | 0 |
| ઉમરગામ | 28 | 28 | 19 | 8 | 0 | 1 |
| **કુલ** | **196** | **196** | **172** | **19** | **0** | **5** |

# નિહાલી ગામે બે મહિનામાં છઠ્ઠો દીપડો પાંજરે પુરાયો

મહુવા- મહુવા તાલુકામાં નિહાલી ગામમાં દીપડાઓનો આતંક યથાવત રહ્યો છે. સોમવારે ગામના પટેલ ફળિયા પાસે ગોઠવાયેલા પાંજરામાં દીપડો કેદ થયો હતો, જેની ઉંમર અંદાજે ૪ વર્ષ છે.

નિહાલી ગામમાં છેલ્લા કેટલાય સમયથી દીપડાઓની અવરજવર વધી ગઈ છે. વન વિભાગ દ્વારા સાવચેતીના ભાગરૂપે પટેલ ફળિયાના મુખ્ય માર્ગ પર પાંજરું મૂકવામાં આવ્યું હતું. સવારે દીપડાની ગર્જના સંભળાતા મામલો સામે આવ્યો હતો.વન વિભાગની ટીમને તુરંત જાણ કરવામાં આવતા કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને દીપડાનો કબજો મેળવી તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.



નિહાલી ગામની ચારેતરફ ખેતરાળ વિસ્તાર, પુષ્કળ પાણીની સુવિધા અને નજીકમાં જંગલ હોવાથી દીપડાઓ માટે આ વિસ્તાર સુરક્ષિત આશ્રયસ્થાન છે. અનુકૂળ વાતાવરણને કારણે અહીં દીપડાઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. વન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૫૭ દિવસમાં નિહાલી ગામના એક જ સ્થળેથી આ છઠ્ઠો દીપડો પાંજરે પુરાયો છે.

જોકે, છ દીપડા પકડાયા હોવા છતાં ગ્રામજનોનો ભય ઓછો નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, દીપડા ફરતા દેખાય છે. ગ્રામજનોએ માંગ કરી છે કે વન વિભાગ દ્વારા આ જ સ્થળે ફરીથી પાંજરું મૂકવામાં આવે જેથી બાકી દીપડા પણ પાંજરે પૂરાય. મહુવા તાલુકાના નિહાલી ગામે પટેલ ફળિયામાં ચાર રસ્તા નજીકથી પ્રથમ દીપડો ૨૮ ફેબ્રુઆરીના રોજ પાંજરે પુરાયો હતો.ત્યારબાદ બીજો દીપડો ૧૫ માર્ચના રોજ,ત્રીજો દીપડો ૨૮ માર્ચના રોજ, ચોથો દીપડો ૮ એપ્રિલના રોજ,પાંચમો દીપડો ૧૯ એપ્રિલના રોજ અને છઠો દીપડો આજે ૨૭ એપ્રિલના રોજ પાંજરે પુરાયો છે.

અમે નિહાલી,બારતાડ જેવા આજુબાજુના ગામોના ઘણા વિસ્તારોમાં ફર્યા છે.તે ગામોમાંથી જંગલ વિસ્તાર હોવાની સાથે સાથે ખાડીઓ પણ પસાર થાય છે. દીપડા આવા વિસ્તારમાં રહેવાનુ વધુ પસંદ કરે છે. હાલમાં જે ગરમી પડી રહી છે એ ગરમીમાં દીપડા રહી જ શકતા નથી જેથી તેઓ રહેવા માટે જંગલ વિસ્તાર સાથે સાથે નદી, કોતર કે ખાડી વિસ્તાર જ પસંદ કરે છે.

# તડકેશ્વરમાં બંધ મકાનમાંથી રૂ.૮.૨૦ લાખની ચોરી:તસ્કરોએ તાળું તોડી તિજોરીમાંથી સોના-રોકડની ચોરી કરી



માંડવી-સુરત જિલ્લાના અરેઠ તાલુકાના તડકેશ્વર ગામે એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ રૂ. ૮.૨૦ લાખની મત્તાની ચોરી કરી છે. અજાણ્યા ચોરોએ ઘરના દરવાજાનું તાળું તોડી બેડરૂમમાં રાખેલી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ ચોરીની ઘટના તડકેશ્વર ગામના રોડ ફળિયામાં રહેતા ઈલ્યાસ ઈસ્માઈલ કારાના મકાનમાં ૨૫ એપ્રિલ, ૨૦૨૬ થી ૨૭ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન બની હતી. અજાણ્યા ઈસમોએ મકાનના ઉપરના ભાગે આવેલા મુખ્ય દરવાજાનું તાળું નકુચા સાથે તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

તસ્કરોએ બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરીના નીચેના ભાગે આવેલા ત્રણ લોકરના ખાના તોડી નાખ્યા હતા. તેમાંથી આશરે રૂ.૭,૨૦,૦૦૦ ની કિંમતના સોનાના દાગીના અને રૂ.૧,૦૦,૦૦૦ રોકડ રકમ સહિત કુલ રૂ.૮,૨૦,૦૦૦ ની મત્તાની ચોરી કરવામાં આવી હતી. આ અંગે ઈલ્યાસભાઈએ તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા ની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એચ. સોલંકી દ્વારા અજાણ્યા તસ્કરોને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.
















OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)